RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઇન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

RNI No.: GUJGUJ/2023/87652

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot



પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત કરોઃ સી.આર.પાટીલ
વાંચો પેજ નં. 6

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 06 July 2024, Saturday | Page : 10 | Year : 1 | Issue : 223 | Price: 2/-



## MP-રાજસ્થાન સહિત ૧૭ રાજ્યમાં ભારે વરસાદનું એલર્ટ

# આસામમાં પૂર, 56નાં મોત

### ■ પૂરથી 21.13 લાખ લોકો પ્રભાવિત

ભારત હેડલાઇન, તા.૫

ભારે વરસાદને કારણે દેશના અનેક રાજ્યોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. આસામમાં પૂરના કારણે ગુરુવારે ૮ લોકોનાં મોત થયા છે, જેનાથી અત્યાર સુધીમાં મૃત્યુઆંક ૫૬ પર પહોંચી ગયો છે. ૨૯ જિલ્લાઓમાં ૨૧.૧૩ લાખ લોકો પૂરથી પ્રભાવિત છે. કાઝીરંગા નેશનલ પાર્કમાં પૂરમાં ડૂબી જવાથી અત્યાર સુધીમાં કુલ ૩૧ પ્રાણીઓનાં મોત થયા છે, જ્યારે ૮૨ પ્રાણીઓને પૂરમાંથી બચાવી લેવામાં આવ્યા છે.

ઉત્તરાખંડમાં ગંગોત્રી-ગોમુખ ટ્રેક પર ચિરબાસા પ્રવાહમાં પૂરના કારણે તેના પર બનેલો લાકડાનો પુલ તૂટી ગયો. આ પ્રવાહમાં દિલ્હીના બે કંવરીયાઓ વહી ગયા હતા. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના ગંગોત્રીથી નવ કિલોમીટર દૂર બની હતી. ગ્લેશિયર પીગળવાને કારણે નદીનું પાણીનું સ્તર અચાનક વધી ગયું હતું.

ઈંખઉ એ શુક્રવાર માટે ૧૭ રાજ્ય - જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, સિક્કિમ, ઉત્તર પશ્ચિમ બંગાળ, અરૂણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, આસામ, નાગાલેન્ડ, ત્રિપુરા, મિઝોરમ, મહારાષ્ટ્રમાં ભારે સાવધાની જાહેર કરી છે. ગોવામાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ૧૧ રાજ્યો - હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડ, રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક, કેરળમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

## કાશ્મીરમાં હીટવેવ, શાળાઓમાં 13 દિવસની રજા

એક તરફ દેશનો બાકીનો હિસ્સો ચોમાસાના વરસાદથી ભીંજાઈ રહ્યો છે, તો બીજી તરફ ઉનાળામાં પણ ઠંડા રહેતા કાશ્મીરમાં આ દિવસોમાં કાળઝાળ ગરમીમાં છે. શ્રીનગર હોય કે ગુલમર્ગ, સોનમર્ગ હોય કે અમરનાથ યાત્રાનો માર્ગ, પહેલીવાર સમગ્ર ખીણ ગરમીની લપેટમાં છે. તાપમાનનો પારો સતત ૩૨ ડિગ્રીની ઉપર યથાવત છે.

# બ્રિટનના નવા વડાપ્રધાન કીર સ્ટાર્મર બનશે

## 14 વર્ષ બાદ લેબર પાર્ટીએ બ્રિટનમાં સત્તા પરિવર્તન



ભારત હેડલાઇન, તા.૫

બ્રિટનની જનરલ ચૂંટણીનું પરિણામ જાહેર થયું છે. જે પ્રમાણે એક્ઝિટ પોલ આવ્યા હતા તે પ્રમાણે જ પરિણામ પણ આવ્યું છે. વડાપ્રધાન ઋષિ સુનકની પાર્ટી હારી ગઈ છે. આ ચૂંટણીમાં લેબર પાર્ટીનો વિજય થયો છે. કીર સ્ટાર્મરને તેમની જીત પર ઋષિ સુનકે અભિનંદન આપવા માટે ફોન કર્યો હતો. બ્રિટનમાં આજે શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત રીતે સત્તા પરિવર્તન થશે. જો કે આમ છતાં ઋષિ સુનક તેમની બેઠક પરથી જીતી ચુક્યા છે.


બ્રિટનમાં મતદાન યોજાયા બાદ આવેલા એક્ઝિટ પોલમાં એ પણ સામે આવ્યું છે કે કીર સ્ટાર્મર બ્રિટનના આગામી વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. તેમની લેબર પાર્ટી જંગી બહુમતી સાથે સંસદીય ચૂંટણી જીતશે. જ્યારે એક્ઝિટ પોલમાં ઋષિ સુનકની કન્ઝર્વેટિવ પાર્ટીને ભારે નુકસાન થવાની આગાહી કરવામાં આવી છે. એક્ઝિટ પોલ્સ દર્શાવે છે કે લેબર પાર્ટી ૬૫૦ સીટોવાળી સંસદમાં ૪૧૦ સીટો જીતશે, જેના કારણે ૧૪ વર્ષ જૂની કન્ઝર્વેટિવની આગેવાની હેઠળની સરકાર આ વખતે પડી જશે. અત્યાર સુધીની મતગણતરી પરથી એવું જ લાગી રહ્યું છે. અનુમાન છે કે સુનકની પાર્ટીને માત્ર ૧૩૧ બેઠકો મળશે, જ્યારે અગાઉ કન્ઝર્વેટિવ પાર્ટીને ૩૪૬ બેઠકો મળી હતી.

# FDI પ્રવાહમાં ગુજરાતે માર્યું મેદાન

## 2024માં ગુજરાતે 7.3 બિલિયન FDI પ્રાપ્ત કર્યું

ભારત હેડલાઇન, તા.૫

ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા બહાર પાડવામાં આવેલા નવા ડેટા અનુસાર, ગુજરાતમાં આ વર્ષે પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) પ્રવાહમાં દેશમાં સૌથી વધારે ગ્રોથ જોવા મળ્યો છે. ગત નાણાકીય વર્ષમાં પ્રાપ્ત થયેલા ૪.૭ બિલિયન FDI પ્રવાહની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૦૨૪માં



ગુજરાતે ૫૫ ટકાના વધારા સાથે ૨.૬ બિલિયન વધુ FDI પ્રાપ્ત કર્યું છે. આમ, ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૭.૩ બિલિયન નવું FDI પ્રાપ્ત કરીને, કર્ણાટક અને દિલ્હીને આ બાબતે પાછળ છોડી દીધા છે અને FDI પ્રવાહમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિકસિત ભારતના વિઝનને અનુરૂપ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ઘણા ઉદ્યોગ-અનુકૂળ નિર્ણયો અને નીતિઓનો અમલ કર્યો છે.

### શ્રદ્ધા કા દૂસરા નામ સાળંગપુરધામ

# મુખ્યપ્રધાન અને અન્ય મંત્રીઓએ દાદાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા

### કુંવરજી બાવળીયા,હર્ષ સંઘવી અને કેન્દ્રીયમંત્રી પિયુષ ગોયલ રહ્યાં હાજર





ભારત હેડલાઈન, તા.૫

શ્રદ્ધા કા દૂસરા નામ શ્રી સાળંગપુરધામ ખાતે આજે ગુજરાત સરકારના મંત્રીઓ તેમજ કેન્દ્ર સરકારના મંત્રીઓએ દર્શન કર્યા હતા,દાદાના શરણે માથુ નમાવીને ગુજરાતની જનતાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.બોટાદના સાળંગપુર ખાતે બે દિવસીય ભાજપની કારોબારી બેઠક યોજાઈ રહી છે.

ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ સાંસદ પીયૂષભાઈ ગોયલ, સી.આર.પાટીલ, હર્ષ સંઘવી, કુંવરજી બાવળીયા, ભાનુબેન બાબરીયા,બચૂભાઈ ખાબડ,તેમજ ધારાસભ્યો દર્શન કરવા પહોંચ્યા હતા,દાદાના દર્શન કરી તમામ નેતાઓએ શિખર પર ધજા ચડાવીને ધન્યતા અનુભવી હતી.સાથે સાથે નવા ચૂંટાયેલા સાંસદો તેમજ ભૂપેન્દ્ર પટેલે દાદાની પૂજા કરી હતી.સાળંગપુર મંદીર તરફથી મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલને તલવાર અને દાદાનો ફોટો આપવામાં આવ્યો હતો.

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે મંદિરના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી પ્રકૃતિની રક્ષા થાય તેવો મેસેજ ગુજરાતની પ્રજાને આપ્યો હતો.આ પ્રસંગે મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામી,ડી.કે સ્વામી તેમજ અન્ય મહંતો પણ હાજર રહ્યા હતા.

રાજકોટ બેઠક પરથી ચૂંટાયેલા ભાજપના સાંસદ પરષોત્તમ રુપાલાએ ગઈકાલે બોટાદના સાળંગપુર મંદિરે આવ્યા હતા.મંદિરના ગેટથી ઢોલ-નગારા સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. છેલ્લા ત્રણેક વર્ષથી પરષોત્તમ રુપાલા અને તેમના પરિવાર દ્વારા હનુમાન દાદાને ધજા ચડાવવામાં આવે છે. ગઈકાલે પણ પરષોત્તમ રુપાલાએ હનુમાનદાદાના મંદિરે ધજા ચડાવીને દર્શન કર્યાં હતા.

# સુરત ડાયમંડ બુર્સ ફરી ધમધમતું કરવાનો પ્રયાસ, રિ-ઓપનિંગ કરાશે

### કતારગામ, મિની બજારથી સિટી બસ દોડાવાશે

ભારત હેડલાઈન, તા.૫

સુરત ડાયમંડ બુર્સ ફરી ધમધમતું કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેમાં કતારગામ, મિની બજારથી સિટી બસ દોડાવાશે. તેમજ સિટી બસનું ભાડું ડાયમંડ બુર્સ ચૂકવશે. જેમાં દર કલાકે નોન સ્ટોપ બસ ચલાવામાં આવશે. ૭ જુલાઈએ સુરત ડાયમન્ડ બુર્સનું રિ-ઓપનિંગ થશે. તેમજ ૮ જુલાઈથી 'ડાયમંડ બુર્સ રૂટ' નામ હેઠળ બસ શરૂ થશે. સુરત મનપા ચાર ઈલેક્ટ્રિક બસ શરૂ કરશે. તેમાં ૩થી ૫ હજાર લોકોની અવરજવર શરૂ કરવાનો પ્રયાસ છે.

લોકોની અવરજવર માટે કમિટીની રચના કરાઈ છે. લોકોની અવરજૂર માટે કમિટીની રચના કરવામાં આવી છે. બસ ભાડા બાબતે સિટીલિંક વિભાગ જખઈ સમક્ષ પ્રપોઝલ મૂકશે. મહત્તમ વેપારી-બ્રોકરો બુર્સમાં વેપાર શરૂ કરે તેવું આયોજન છે. તેમાં



કતારગામ અને વરાછાથી સવારે ૮.૧૫ કલાકે બે બસ ઉપડશે. તથા જઉઈથી બંને વિસ્તારમાં જવા માટે છેલ્લી બસનો ટાઈમ ૬.૪૫ રહેશે.

સુરત નજીકના ખાજોદ ગામમાં ડાયમંડ બુર્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. સુરત ડાયમંડ બુર્સને જઉઈ તરીકે પણ ઓળખવામાં આવે છે.

### ભાજપે અનેક રાજયોના પ્રભારીની જાહેરાત કરી

# વિજય રૂપાણીને પંજાબ ભાજપના પ્રભારી બનાવાયા

### ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાએ પ્રભારીઓની નિમણૂક



ભારત હેડલાઈન, તા.૫

ભાજપે હરિયાણા, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ અને ઓડિશા જેવા મોટા રાજ્યો સહિત દેશભરના ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેના પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની જાહેરાત કરી છે. તાજેતરમાં જ સાંસદ બનેલા સંબિત પાત્રાને પણ આમાં મોટી જવાબદારી મળી છે અને તેમને ઉત્તર-પૂર્વના સંયોજક બનાવવામાં આવ્યા છે. ભાજપે હરિયાણા, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ અને ઓડિશા સહિત ૨૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રભારી અને સહ-પ્રભારી જાહેર કર્યા છે.

ભાજપ પંજાબમાં લોકસભા ચૂંટણીમાં ૧૦માંથી એકેય બેઠક જીતી શકી નથી. ત્યારે પાર્ટીએ આ રાજ્યમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પ્રભારી બનાવ્યા છે. અન્ય નેતાઓની વાત કરીએ તો, તાજેતરમાં જ સાંસદ બનેલા સંબિત પાત્રાને ઉત્તરપૂર્વના સંયોજક બનાવાયા છે. જ્યારે બિહારમાં વિનોદ તાવડેને પ્રભારી અને સાંસદ દીપક પ્રકાશને સહ-પ્રભારી નિમ્યાં છે.

- દુષ્યંત પટેલ દાદરાનગર અને દીવ - દમણના પ્રભારી
- પૂર્ણેશ મોદીને દીવ - દમણના પ્રભારીથી હટાવાયા
- વિજય રુપાણી પંજાબ ભાજપના પ્રભારી
- તરુણ ચુગ જમ્મુ - કાશ્મીર ભાજપના પ્રભારી
- લક્ષ્મીકાંત વાજપાઈ ઝારખંડ ભાજપના પ્રભારી
- વિનોદ તાવડે બિહાર ભાજપના પ્રભારી
- અશોક સિંઘલ અરુણાચલપ્રદેશ ભાજપના પ્રભારી
- નીતિન નવીન છત્તીસગઢ ભાજપના પ્રભારી
- આશિષ સૂદ ગોવાના પ્રભારી
- સતિષ પુનિયા હરિયાણા ભાજપના પ્રભારી
- શ્રીકાંત શર્મા હિમાચલપ્રદેશ ભાજપના પ્રભારી
- ડો.રાધામોહનદાસ અગ્રવાલ કર્ણાટક ભાજપના પ્રભારી
- પ્રકાશ જાવડેકરને કેરલ ભાજપના પ્રભારી બનાવાયા
- ડો.મહેન્દ્રસિંહ મધ્ય પ્રદેશ ભાજપના પ્રભારી
- ડો.અજીત ગોપછડે મણિપુર ભાજપના પ્રભારી
- અનિલ એન્ટની મેઘાલય-નાગાલેન્ડ ભાજપના પ્રભારી
- વિજયપાલસિંહ તોમર ઓડિસા ભાજપના પ્રભારી
- દુષ્યંત ગૌતમ ઉત્તરાખંડ ભાજપના પ્રભારી

# મોટા મવામાં બિનખેતી કર્યા વગર સૂચિત સોસાયટીઓ ઊભી કરી વેંચી દેનાર ભૂમાફિયાઓ સામે તંત્ર કેમ ચૂપ?



## કાયદેસર પ્લોટિંગ બતાવી દસ્તાવેજો પણ કરી દીધા !?

## આકાઓ દ્વારા સરકારી રેકર્ડ સાથે ચેડાં કરી તંત્રની આંખમાં ધૂળ નાંખી કરોડો રૂપિયાની કમાણી કરી લેવાઈ

**પંથકમાં ભૂમાફિયાઓ બેફામ બન્યાં**

**સૂચિતના દસ્તાવેજો કરી આપનાર આકાઓ દ્વારા આચરાયેલા કૌભાડનું કલેકટર પાસે કોકડું આવતા વિગતો ખુલી**

**જવાબદારો સામે કાયદાકીય કાર્યવાહી કરવા પ્લોટ ધારકો દ્વારા માંગ કરાઈ**

ભારત હેડલાઇન, તા.પ

જમીન કૌભાંડ મામલે રાજય સરકાર એકશન મોડમાં આવ્યા બાદ કલેકટરો સસ્પેન્ડ થઈ રહ્યા છે. જેમ કે રાજકોટમાં સેવા આપી ચુકેલ કલેકટર પ્રદીપ શર્મા, ગાંધીનગરના પુર્વ કલેકટર એસ.કે. લાંગા, સુરત કલેટરર કે. રાજેશ, હાલમાં સુરતના ડુમસમાં કરવામાં આવેલ જમીન કૌભાંડને લઈ આયુષ ઓકને પણ ગયા મહિને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રાજકોટ તાલુકાનાં મોટામવાની ગામની રેવન્યુ સર્વે નં .૫૦ પૈકી૧ /૧ જમીનમાં લાંબા સમયથી સીતારામ પાર્ક કો.ઓપરેટીવ સોસાયટીના સભ્યોનો બાંધકામ ભોગવટો કબ્જો હોવા ઉપરાત જે તે સમયના વાંધાદારે વાંધા રજુ કરતા જે-તે સમયની કલેકટરના તાબા હેઠળની કોર્ટ નોંધ નથી લીધી. તેમજ સવાલવાળી જમીન બાબતે સીતારામ સોસાયટીના સભ્યોને બાંધકામ એલ.આર.સી.-૬૬નો ભંગ કર્યા બદલ દંડને પાત્ર છે. તેમજ આ મુદ્દે લેન્ડ રેવન્યુ કોડ કલમ -૬૬ હેઠળ દંડનીય કાર્યવાહી કર્યા નોંધ પ્રમાણિત કરવામાં આવે તો લે.રે.કો.ક -૬૬ હેઠળ સરકારને લાખો રૂપિયાનું નુકશાન થાય તેવુ છે અને હાલની કાર્યવાહીમાં સરકારને પણ મોટું નાણાકીય હિત સમાયેલ હોવાથી સરકારના નાણાકીય હિતની કાયદાકીય અને અગત્યનું નોંધ જે-તે સમયની તાબાની કોર્ટે ધ્યાને લીધેલ ન હોવાનું સામે આવ્યુ છે. રાજકોટના મોટા મવા વિસ્તારમાં બિનખેતી કર્યા વગર સૂચિત સોસાયટીઓ ઊભી કરી દઈ મકાન પ્લોટના સૂચિતના દસ્તાવેજો કરી વેંચી દેવાઈ હોવાનું સામે આવ્યું છે. સરકારી રેકર્ડ સાથે ચેડાં કરી તંત્રની આંખમાં ધૂળ નાંખી કરોડો રૂપિયાની કમાણી કરનાર ભૂમાફિયાઓ કોણ કોણ છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. કલેકટર પાસે કોકડું આવતા વિગતો ખુલવા પામી હતી ત્યારે જવાબદારો સામે કાયદાકીય કાર્યવાહી કરવા લોકમાંગ ઉઠી છે. રાજકોટમાં ગેમઝોનના અગ્નિકાંડ બાદ તમામ વિભાગના અધિકારીઓ સતર્ક બન્યાં છે. રાજકોટ તાલુકાના મોટામવા ગામાના રેવન્યુ સર્વે નં. ૫૦ પૈકી ૧/૧ ની જમીન હેકટર ૧-૨૫-૩૩નો તકરારી કેસ રાજકોટ કલેકટર પ્રભવ જોષીની કોર્ટમાં ચાલી જતાં મોટી ગંભીર ક્ષતિઓ બહાર આવી હોવાનું સામે આવ્યુ છે.

મોટામવા હાલ રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થઈ ગયેલ છે. આ જમીન ૧-૨૫-૩૩ ચો.મી. ઉપર સુચિત સીતારામ પાર્ક કો.ઓ.હા.સોસાયટી લી.ના સભ્યોએ બાંધકામ સાથે બહુ લાંબા સમયથી આ ભૂમાફિયાઓ પાસે અંધારામાં રહી કબ્જો મેળવેલ છે. અને એમના દસ્તાવેજો પણ કરેલ છે.

પ્લોટ ધારકોને જ્યારે ખબર પડી કે આતો બિન કાયદેસર પ્લોટીંગ છે ત્યારે પસ્તાવો થવા પામ્યો હતો. જે સરકારી રેકર્ડ પર ઉપર હોવા છતાં નાયબ કલેકટર સીટી પ્રાંત-૨ની કોર્ટએ ધ્યાને લીધેલ નથી, તેવું બહાર આવ્યુ છે. પ્લોટ ધારકોની પરિસ્થિતિ મૂંઝવણ અંગે તંત્ર આવા ભૂમાફિયાઓ સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરે તો પ્લોટ ધારકોને ન્યાય મળે એમ છે.

# જૂનાગઢમાં બેદરકાર 38 પોલીસ કર્મીઓ સામે દંડાત્મક પગલાં

**પરબધામ મેળાના બંદોબસ્ત બ્રિફિંગમાં કર્મીઓ રહ્યા ગેરહાજર**



ભારત હેડલાઇન, તા.૫

પરબધામ મેળાના બંદોબસ્ત બ્રિફિંગમાં કર્મીઓ રહ્યા ગેરહાજર. બ્રિફિંગમાં હાજર ન રહેનાર પોલીસ કર્મીઓને ૫-૫ હજારનો દંડ. જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ લીધા પગલાં. કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગ્યો. દસ દિવસમાં ખુલાસો આપવા સૂચના આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ, જૂનાગઢમાં બેદરકાર ૩૮ પોલીસ કર્મીઓ સામે જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ દંડાત્મક પગલાં લીધા છે. જેમાં પરબધામ મેળાના બંદોબસ્ત બ્રિફિંગમાં કર્મીઓ રહ્યા ગેરહાજર. બ્રિફિંગમાં હાજર ન રહેનાર પોલીસ કર્મીઓને ૫-૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સાથે જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ કારણદર્શક નોટિસ પાઠવીને ખુલાસો માંગ્યો છે. પરબધામ મેળાના બંદોબસ્ત બ્રિફિંગમાં ગેરહાજન કર્મીઓને ૧૦ દિવસમાં ખુલાસો આપવા સૂચના આપવામાં આવી છે.

# બજરંગવાડી બાદ પંચનાથ પ્લોટમાં વિધર્મીને મકાન વેચવા સામે વિરોધ

## શેરી નં.૧૬ના રહિશોએ કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડી કરી ઉગ્ર રજૂઆતઃ સાટાખત-વેચાણ દસ્તાવેજ ન નોંધવા દેવા માંગણી



ભારત હેડલાઇન, તા.૫

શહેરના પંચનાથ પ્લોટ શેરી નં.૧૬માં વિધર્મીને મકાન વેચવા સામે આ વિસ્તારના રહિશોએ વિરોધ સાથે આજે જિલ્લા કલેકટર કચેરી ખાતે ઉમટી પડી આ મામલે આવેદનપત્ર સુપરત કરી રજૂઆત કરી હતી.

અહીં ઉલ્લેખનીય છે કે ગઈકાલે બજરંગવાડી વિસ્તારમાં પણ વિધર્મીને મકાન વેચવાના મામલે આસપાસના રહિશોએ વિરોધ નોંધાવ્યો હતો અને ૨૦ મકાનોના માલીકોએ તેઓનું મકાન વેચવાનું બોર્ડ મકાનની બહાર લગાવી દીધા હતા. જે બાદ વિધર્મીને મકાન વેચવાનું માંડી વળાતા મામલો થાળે પડયો હતો. જે બાદ આજે પંચનાથ પ્લોટ શેરી નં.૧૬માં રહેતા મગનભાઈ પટેલ નામના વ્યકિતએ તેમનું મકાન વિધર્મી જ્ઞાતિના શખ્સને વેચાણ કરવા માટે સોદો કરતા આ અંગે આસપાસના રહિશોએ વિરોધ નોંધાવી આ અંગે કલેકટર તંત્રને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં આ મકાનના સાડાખત-વેચાણ દસ્તાવેજ નહીં કરવા સબ રજીસ્ટ્રારને આદેશ આપવા માંગણી ઉઠાવવામાં આવી હતી. પંચનાથ પ્લોટ શેરી નં.૧૬ના રહિશોએ જણાવ્યું હતું કે તેઓના વિસ્તારમાં તમામ હિન્દુ જ્ઞાતિના જ લોકો વસવાટ કરી રહ્યા છે. જો વિધર્મીને મકાન વેચવામાં આવશે તો તેઓની મિલ્કતોના ભાવ પડી ભાંગે તેમ છે. અગાઉ મગનભાઈ પટેલે તેઓની આ શેરીમાં કોઈ લઘુમતી કોમના કે અન્ય ધર્મ સમુદાયની વ્યકિતને વેચાણ કરે નહીં તે મતલબની અરજી પોલીસમાં કરેલ હતી અને હવે આ જ વ્યકિતએ તેઓની સાથે વિશ્વાસઘાત કરી અશાંત ધારા માટે તેઓની સાથે આપેલ અરજી તેના નામની પરત ખેંચી અને પોતે પોતાની મિલ્કત અન્ય સમુદાયની વ્યકિતને વેચાણ કરવાની પેરવી કરી રહ્યા છે. જો આ બાબતે પગલા નહીં લેવાય તો તેઓને હીઝરત કરવાની નોબત આવશે તેવી ચેતવણી તેઓએ આપી હતી.

# સરકારી જમીન પર ખડકી દેવાયેલ ચાર હોટલ, ભઠ્ઠા-ઓરડી પર બુલડોઝર ફર્યું

ભારત હેડલાઇન, તા.૫

રાજકોટ શહેરની ભાગોળે સરકારી જમીનમાં મોટાપાયે દબાણ થયું છે ત્યારે જિલ્લા કલેકટર પ્રભવ જોષીના આદેશથી દરેક મામલતદારો દ્વારા સર્વે કરી સરકારી જમીન પરના દબાણો હટાવવાની ઝુંબેશ શરૂ કરી છે. જેમાં આજે લોધિકા મામલતદાર અને કોટડાસાંગાણી મામલતદાર દ્વારા બે સ્થળે ઓપરેશન પાર પાડી કરોડોની જમીન પર થયેલ દબાણો દૂર કરી જમીનો ખુલ્લી કરાવી હતી. જેમાં કાલાવડ રોડ પર દેવ ગામના પાટીયા પાસે સરકારી જમીન પર ખડકી દેવાયેલા ચાર હોટલ અને ઈંટોના ભઠ્ઠા પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જ્યારે પડવલા ગામે સરકારી જમીન પર કારખાનેદાર દ્વારા મજુરોને રહેવા માટે સરકારી જમીનમાં ૩૦ જેટલી ઓરડી બનાવી નાખી હતી. જેના પર બુલડોઝર ફેરવી દેવાયું હતું.

રાજકોટ શહેરની ભાગોળે આવેલ વાવડી, મવડી, કોઠારીયા સહિતના સ્થળોએ સરકારી જમીન પર મોટાપાયે દબાણ થયું



છે ત્યારે લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાં જ જિલ્લા કલેકટરે રાજકોટ જિલ્લાના તમામ મામલતદારોને સરકારી જમીનમાં થયેલ દબાણોનો સર્વે કરી તાત્કાલીક દબાણો દૂર કરવા આદેશ આપ્યો છે. જેમાં રાજકોટ ઉપરાંત કોટડાસાંગાણીના શાપર વેરાવળ નજીક અને લોધિકાના કાલાવડ હાઈવે પર પણ મોટા પાયે સરકારી જમીન પર દબાણો થયા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

# RMCના આસિસ્ટન્ટ TPO રાજેશ મકવાણા અંતે સસ્પેન્ડ

ભારત હેડલાઇન, તા.૫

મનપા આસી. ટીપીઓ તરીકે ફરજ બજાવતા અને ત્યાર બાદ અન્ય વિભાગમાં બદલી પામેલા રાજેશ મકવાણાએ અગ્નિકાંડ બાદ ટાઉનપ્લાનિંગ શાખાના રજીસ્ટારમાં ચેડા કરતા તેની ધરપકડ કરવામાં આવેલ આથી નિયમ મુજબ મ્યુ.કમિશનરે તેમને સસ્પેન્ડ કરવાનો ઓર્ડર જારી કર્યો હતો. મકવાણાની વોર્ડ નં.૧૦માં જવાબદારી નહી હોવા છતાં પણ તેઓ દ્વારા બનાવ બાદ ટાઉન પ્લાનિંગ શાખા વેસ્ટઝોનનાં રજીસ્ટર સાથે ચેડા કરી બનાવટી દસ્તાવેજો બનાવી પુરાવાઓનો નાશ કરવો, સરકારી રેકર્ડમાં ચેડા કરવા, સરકારી તપાસને ગેરમાર્ગે દોરવી, વિગેરે જેવી સરકારી કર્મચારીને ન છાજે તે પ્રકારની કાર્યવાહી કરેલ હોવાનું ધ્યાને આવેલ છે.

# ૬ વર્ષથી ધમધમતી બોગસ સ્કૂલ પકડાઈ!

## રાજકોટના પીપળિયામાં શિક્ષણ વિભાગની માન્યતા વિના ધો.૧થી ૧૦ના વિદ્યાર્થીઓને દંપતી ભણાવતું, ચેકિંગમાં ૩૩ વિદ્યાર્થી મળ્યા

ભારત હેડલાઈન, તા.૫

રાજકોટના ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા પિપળિયા ગામમાં બોગસ સ્કૂલ ઝડપી લેવામાં આવી છે. એક વિદ્યાર્થીને સ્કૂલ દ્વારા લિવિંગ સર્ટિફિકેટ આપવામાં ન આવતા તપાસમાં સમગ્ર ઘટસ્ફોટ થયો હતો. રાજ્યના શિક્ષણ વિભાગની માન્યતા વિના સ્કૂલ ધમધમતી હોવાનું સામે આવ્યું છે.

જેમાં શિક્ષણ વિભાગની માન્યતા વિના ધોરણ ૧થી ૧૦ના વિદ્યાર્થીઓને ભણાવવામાં આવતા હતા. જો કે, હાલ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા સ્કૂલને સીલ કરવામાં આવી છે અને પોલીસ ફરિયાદ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન રાજકોટ શહેરની ત્રણ ખાનગી સ્કૂલના લિવિંગ સર્ટિફિકેટ પણ મળી આવ્યા છે. જો કે, આ ત્રણ સ્કૂલ કઈ છે તે હજુ જાહેર




થયું નથી.

રાજકોટના ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિમલ ગઢવીએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજકોટ તાલુકાના પિપળિયા ગામમાં નવીનનગરમાં આવેલી ગૌરી પ્રિ-પ્રાઈમરી સ્કૂલમાં એક વિદ્યાર્થીને લિવિંગ સર્ટિફિકેટ આપતા ન હતા. આ પ્રકારની ફરિયાદ તાલુકા પ્રમુખ કેતનભાઈ કથીરિયા દ્વારા મળી હતી. જેથી આજે તપાસ માટે ત્યા પહોંચ્યા હતા. જે દરમિયાન સામે આવ્યું કે, શિક્ષણ વિભાગની માન્યતા વિના વર્ષ ૨૦૧૮થી અત્યારસુધી એટલે કે છ વર્ષથી બોગસ સ્કૂલ ધમધમતી હતી. સ્કૂલના સંચાલકો પાસે કોઈપણ પ્રકારના ડોક્યુમેન્ટ જ નથી.

વધુમાં જણાવ્યું હતું કે, કાત્યાયનીબેન તિવારી અને સંદીપ તિવારી બોગસ સ્કૂલ ચલાવતા હતા. જેથી તેમની સામે અમે પોલીસ ફરિયાદ દાખલ કરી રહ્યા છીએ અને હાલ સ્કૂલને સીલ કરવામાં આવી છે. આ સ્કૂલમાં જ્યારે તપાસ કરવામાં આવી તો આ સમયે સ્કૂલમાં ભણતા ૩૩ વિદ્યાર્થીઓ મળી આવ્યા છે. આ સાથે જ રાજકોટ શહેરની ત્રણ ખાનગી સ્કૂલના લિવિંગ સર્ટિફિકેટ પણ મળી આવ્યા છે. પરંતુ તે ત્રણેય સ્કૂલ કઈ છે એ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. જો કે, અહીં સવાલ એ છે કે, છેલ્લા છ વર્ષથી બોગસ સ્કૂલ ધમધમતી હતી તો શિક્ષણ વિભાગનું ધ્યાને શા માટે ન ગયું?

## એસ.એચ. મ્યુઝિક ગ્રુપના ઉપક્રમે કરાઓકે મ્યુઝિકલ ઈવેન્ટ લે ચલ.. મેરે જીવન સાથી યોજાશે કાર્યક્રમ

એસ.એચ. મ્યુઝિક (વોઈસ ઓફ સોઉલ) ગ્રુપના શ્રીમતી હીના ટાંક તેમજ સંજય ટાંક દ્વારા કાલે તા.૬ના શનિવારે રાત્રે ૯ વાગ્યે હેમુ ગઢવી, ઓડિટોરીયમ (મુખ્ય હોલ) માં કરાઓકે મ્યુઝીકલ ઈવેન્ટ 'લે ચલ.. લે ચલ મેરે જીવન સાથી'નું આયોજન રાજકોટના સંગીતપ્રેમી લોકો માટે કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા આયોજીત કરાઓકે ટ્રેક પર કાર્યક્રમમાં ગ્રુપના સંજય ટાંકની સાથે મહેશ દુદકીયા, ભરત સોનછાત્રા, શ્રીમતી હીનાબેન કોટડીયા તેમજ શ્રીમતી જિગીશા રાવલ પોતાની કલા પ્રસ્તુત કરશે તેમજ કાર્યક્રમનું સંચાલક ગ્રુપના સંજય ટાંક સંભાળશે. આ મ્યુઝીકલ ઈવેન્ટમાં લત્તા મંગેશકર, આશા ભોસલે, શ્રેયા ઘોષાલ, તેમજ મો. રફી, હેમંતકુમાર, કિશોરકુમાર, મુકેશ, અમીતકુમાર, હરિહરન, જગજીતસિંઘ, અભિજીત ભટ્ટાચાર્ય, મનહર ઉદાસ, બાબલા મહેતા દ્વારા ગવાયેલા જૂના નવા ગીતો એકધારા રજૂ કરવામાં આવશે. ગ્રુપના સંજય ટાંક દ્વારા આ કાર્યક્રમ વિનામૂલ્યે હોવાથી વહેલા તે પહેલાના ધોરણે 'એ'થી 'જે' લાઈન છોડી પોતાનું સ્થાન ગ્રહણ કરવા જણાવાયું છે.

## રાજકોટમાં નાટ્યકલાના નવા યુગનું દ્વિતીય ચરણ હેમુગઢવી હોલમાં યોજાશે

- યુવાનોમાં વધતા પ્રેમલગ્નના ચલણને મહાભારતના પ્રસંગ સાથે સરખાવી પ્રેમલગ્નની સાચી વ્યાખ્યા દર્શાવવા કરાશે પ્રયાસ

ભારત હેડલાઈન, તા.૫

રાજકોટની નાટ્યપ્રેમી જનતા માટે ટીમ નાટ્યમ અને શેર વિથ સ્માઈલ એનજીઓએ ગત વર્ષે ઓક્ટોબર માસમાં 'ધર્મગાથા' નાટક સફળતા પૂર્વક રજુ કરવામાં આવ્યું હતું જેમાં મહાભારતના પ્રસંગો રજૂ કરી સમાજની હાલની સમસ્યાઓ મુજબ માનસિક તણાવ અને તેનો ઉકેલ આપણા સાંસ્કૃતિક ગ્રંથોમાંથી જ મળી શકે છે તે વાત નું પ્રમાણ પૂરું પાડ્યું હતું. આ પ્રથમ ચરણને મળેલ બહોળા પ્રતિસાદ બાદ ફરી એક વખત આગામી ૭ જુલાઈ ૨૦૨૪ના રોજ, હેમુ ગઢવી હોલ ખાતે ધર્મગાથા - દ્વિતીય ચરણ રજૂ કરવા જઈ રહ્યું છે. જેમાં પ્રથમ ચરણના પ્રસંગો સાથે આજની પેઢી ને જાણવા, શીખવા અને સમજવા લાયક પ્રસંગો ઉમેરી, બહુ ઓછા સાંભળ્યા કે વાચ્યા હોઈ તેવા પ્રસંગોનો સમાવેશ કરી નાટ્યકલાના નવા યુગ ને ફરી ઉજાગર કરવામાં આવનાર છે. રાજકોટમાં 'ટીમ નાટ્યમ' અને 'શેર વિથ સ્માઈલ' ગત્રક્ષ દ્વારા નાટ્યકલાને ફરી એક નવી રાહ બતાવવાના પ્રયાસથી ટીમ નાટ્યમના યુવાનો દ્વારા ધર્મગ્રંથો આધારે નાટકો રજૂ કરવાનો નિર્ણય લીધો છે.




'ધર્મગાથા - નાટ્યકલાનો નવો યુગ' એ એક એવો નાટ્ય પ્રોજેક્ટ છે, જેમાં મહાભારત જેવા ધર્મગ્રંથોના એવા પ્રસંગો પેશ કરવામાં આવી રહ્યો છે જેના ઉલ્લેખ વધુ ન થતા તે સમાજના મોટા વર્ગ સુધી પહોંચવામાં અસફળ રહ્યા છે. 'ધર્મગાથા' આગામી ૭ જુલાઈ, ૨૦૨૪ અને રવિવારના રોજ રાત્રે ૯ વાગ્યે હેમુગઢવી હોલ, ટાગોર રોડ, રાજકોટ ખાતે પ્રસ્તુત કરવામાં આવશે, જેમાં પ્રોફેશનલ કલાકારો નો સમાવેશ રહેશે અને રાજકોટના નામી અનામી લોકો મહેમાન સ્વરૂપે પધારી આ નાટકની શોભા વધારશે. નાટક લગતી કોઈ પણ પ્રકારની માહિતી અથવા પાસ મેળવવા માટે તમે ટિમ નાટ્યમના દેવર્ષિ હરેશભાઇ પંડ્યા મો.નં. ૯૮૯૮૯ ૬૬૫૧૩ અને હર્ષ પંડ્યા મો.નં. ૬૩૫૩૩ ૭૮૩૭૧ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત કરોઃ સી.આર.પાટીલ

## મારા કાર્યકાળ દરમિયાન કોઈને ટિકિટ મળી કે કોઈને ન મળી તો હું માફી માગું છું : પાટીલ

ભારત હેડલાઈન, તા.૫

બોટાદ જિલ્લાના સાળંગપુર ખાતે ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારી બેઠક ચાલી રહી છે. આજે આ બેઠકનો બીજો દિવસ છે. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સહિત રાજ્યના મંત્રીઓ, ધારાસભ્યો, પ્રદેશ ભાજપના હોદ્દેદારો, તાલુકા-જિલ્લા પંચાયતના પ્રમુખો-ઉપપ્રમુખો, નગરપાલિકા-મહાનગર પાલિકાના પ્રમુખો-મેયરો હાજર છે. આજે મળેલી આ કારોબારી બેઠકમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય જળ સંપત્તિ મંત્રી સી.આર પાટીલે હાઈકમાન્ડને મોટી રજૂઆત કરી છે.



આજની કારોબારી બેઠકમાં સી.આર પાટીલે હાઈકમાન્ડને રજૂઆત કરી છે કે 'મને પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત કરો' સાળંગપુર કારોબારી બેઠકમાં સી.આર પાટીલે કહ્યું કે, મારો કાર્યકાળ પૂર્ણ થયો છે અને પાર્ટીના 'એક વ્યક્તિ એક હોદ્દા'ની નીતિ હેઠળ પ્રદેશ અધ્યક્ષની જવાબદારી અન્ય કોઈને સોંપવામાં આવે. નોંધનીય છે નવસારીથી લોકસભાની ચૂંટણી જીત્યા બાદ હવે સી.આર પાટીલને દિલ્હી કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા છે.

આ પહેલા પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે કારોબારી બેઠકમાં પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, મારા કાર્યકાળ દરમિયાન કોઈને ખોટું લાગ્યું હોય તો માફ કરશો. મારા કાર્યકાળ દરમિયાન કોઈને ટિકિટ મળી કે કોઈને ન મળી તો હું માફી માગું છું. પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે કારોબારી બેઠકમાં કહ્યું આપણી કોઈ કચાશ રહી. જેના કારણે આપણને એક સીટ ગુમાવવાનો વારો આવ્યો છે. આપણે બનાસકાંઠાની સીટ બહુ જ શરમજનક રીતે ૩૦ હજાર મતોથી હાર્યા. હું આ હારની જવાબદારી સ્વીકારૂ છું અને બધાની માફી માગું છું કે હું બનાસકાંઠા ન જીતાવી શકયો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સાળંગપુર ખાતે ચાલી રહેલી કારોબારીની બેઠકમાં ગુજરાત પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષ અને મંત્રીમંડળના વિસ્તરણ પર ચર્ચા થઈ શકે છે. આ બેઠક બાદ પ્રદેશ પ્રમુખ તરીકે નવા ચહેરાની પસંદગી કરવામાં આવી શકે છે.

સી.આર પાટીલના કેન્દ્રીય મંત્રી બન્યા બાદ ભાજપના નવા પ્રદેશ પ્રમુખ કોણ બનશે? તેને લઈને ચર્ચાઓ ચાલી રહી છે. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ પદ માટે કેટલાક જૂના જોગીઓના નામ ચર્ચાય રહ્યા છે. જેમાં આ વખતે કેબિનેટ મંત્રીમાંથી પત્તું કપાયેલ દેવુસિંહ ચૌહાણ, ગોરધન ઝડફિયા, રજની પટેલ, જગદીશ પંચાલ, પ્રદીપસિંહ જાડેજા અને વિનોદ ચાવડાનું નામ રેસમાં સામેલ છે. એક થિયરી પણ સામે આવી છે કે, ઓબીસી, આદિવાસી કે ક્ષત્રિય ચહેરાને નવા પ્રદેશ પ્રમુખ માટે તક મળી શકે છે.

# રાજકોટ ડિવિઝનના ૧૮ સ્ટેશન અને ૭ ઓફિસમાં સોલાર પાવર પ્લાન્ટના ઉપયોગથી રૂ.૨૭.૧૮ લાખની બચત

ભારત હેડલાઈન, તા.૫

રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજર અશ્વની કુમાર અને સીનીયર ડીવીઝનલ ઈલેક્ટ્રીકલ ઈજનેર રજની યાદવના માર્ગદર્શન હેઠળ ડીવીઝન દ્વારા પ્રદુષણ અટકાવવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા અનેક પગલા લેવામાં આવેલ છે. આ દિશામાં રાજકોટ ડિવિઝનના વિવિધ ૧૮ રેલવે સ્ટેશનો અને ૭ ઓફિસ બિલ્ડીંગો માં ૫૧૯ કિલોવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. ઉપરાંત, વધુ સ્ટેશનો અને ઓફિસો પર સોલાર પ્લાન્ટની જોગવાઈ કરવામાં આવી રહી છે જે સ્વચ્છ ઊર્જા ઉત્પન્ન કરે છે. પરિણામે, ઊર્જા બિલમાં બચત થાય છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આ સૌર પ્લાન્ટો દ્વારા ૪૫૪૯૮૯ યુનિટ (ઊંહ્વ) ગ્રીન



એનર્જી ઉત્પન્ન કરવામાં આવી છે, જેના પરિણામે વીજળી બોર્ડ દ્વારા સપ્લાય કરવામાં આવતી ઊર્જાના પ્રતિ યુનિટ ખર્ચમાં સૌર પ્લાન્ટ દ્વારા ઉત્પાદિત ઊર્જાના ખર્ચની સરખામણીમાં તફાવત જોવા મળે છે જેનાથી બિલમાં ૨૭.૧૮ લાખ રૂપિયાની બચત થઈ છે. રાજકોટ ડિવિઝનમાં અમૃત ભારત પ્રોજેક્ટ હેઠળ ૧૫ સ્ટેશનો પર વીજળી વિભાગને લગતા કામો પ્રગતિમાં છે, જેમાં મુખ્યત્વે પ્રકાશની તીવ્રતા વધારવા, વેઈટિંગ હોલમાં એર-કન્ડિશનરની જોગવાઈ, લિફ્ટની જોગવાઈ વગેરેનો સમાવેશ થાય છે.

# રાજકોટમાં ખાડામાં ડૂબી જવાની બે ઘટનામાં બાળકી અને બે બાળકના મોત

ભારત હેડલાઈન, તા.૫

ચોમાસાના પ્રારંભે જ સારોએવો વરસાદ પડી જતાં ઠેર ઠેર નદીનાળા અને પાણીના ખાડા-ખાબોચિયા ભરાઈ ગયા છે ત્યારે ખાડામાં ડૂબી જવાની બે અલગ-અલગ ઘટનામાં ડૂબી જવાથી એક બાળકી અને બે બાળકોના મોત નીપજ્યાં છે. રાવકી પાસે સેલ્ફી લેવા જતાં બાળકી અને બાળક ઉંડા પાણીમાં ગરક થઇ ગયા હતા. જ્યારે કોઠારિયા સોલવન્ટ પાસે ગુમ થયેલા પાંચ વર્ષીય બાળકનો પાણીના ખાડામાંથી મૃતદેહ મળી આવ્યો હતો.

આ ઘટના અંગેની જાણવા મળતી માહિતી મુજબ રાજકોટ નજીક લોધીકા તાલુકાના રાવકી ગામે ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં રહેતા પરપ્રાંતિય પરિવારના ચાર બાળકો ગઈકાલે બપોરે ખોડિયાર ધાર પર રમવા માટે ગયા હતાં. આ વખતે ખોડિયાર ધાર નજીક આવેલ પાણીના ખાડા પર મોબાઈલમાં સેલ્ફી લેવા જતાં મુળ ઉત્તર પ્રદેશની અને હાલ રાવકી ગીરીરાજ પ્લાસ્ટીક કારખાનામાં રહેતી કાજલ રવિન્દ્ર કુમાર અહિરવાળ ઉ.વ.૧૪ અને રાવકી ગામે આવેલ પ્રશાંત પોલીમર્સ કારખાનામાં રહેતો અનિકેત રામસેવક શ્રીવાસ ઉ.વ.૧૦ના ડુબી જવાથી મૃત્યુ નિપજ્યા હતાં.

આ બન્ને બાળકોની સાથે રહેલ આસિકા ઉ.વ.૧૦ અને બાવીસ ઉ.વ. ૧૦ એ આ બનાવની પરિવારજનોને જાણ કરતા લોકો ઘટના સ્થળે દોડી ગયા હતા અને બન્ને બાળકોને પાણીના ખાડામાંથી બહાર કાઢી તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પરંતુ સારવાર મળે તે પહેલા જ મૃત્યુ નિપજ્યા હતાં.

પોલીસની પુછપરછમાં કાજલ હજુ ગઈકાલે જ ઉત્તર પ્રદેશથી રાવકી ગામે આવી હતી જ્યારે તેના પિતા ગીરીરાજ પ્લાસ્ટીકના કારખાનામાં મજુરી કરતા હોવાનું અને બે ભાઈ અને એક બહેનમાં મોટી હોવાનું જાણવા મળ્યું છે.

જ્યારે અનિકેત ત્રણ બહેન બે ભાઈમાં સૌથી નાનો હોવાનો અને બહેન બનેવી સાથે પ્રશાંત પોલીમર્સ કારખાનામાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત રાજકોટ નજીક કોઠારિયા સોલવન્ટ પાસે શિતળાધાર નજીક પાણીના ખાડામાંથી વિક્રમ બાબુભાઈ અરવદી ઉ.વ.૫ નામના બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસની તપાસમાં માલધારી ફાટક પાસે રહેતા મુળ એમ.પી.નો બાળક ઘર પાસે રમતા રમતા ગુમ થયા બાદ ભુલો પડી ગયો હતો અને અકસ્માતે પાણીના ખાડામાં પડી જતાં ડુબી ગયો હોવાનું જાણવા મળ્યું છે.

# માર્કેટયાર્ડના ચેરમેનપદે બોઘરા રીપીટઃ કોરાટ બન્યા ઉપપ્રમુખ

## રાજકોટના સહકારી ક્ષેત્રે જયેશ રાદડીયાનો દબદબો રહ્યો યથાવત

ભારત હેડલાઇન, તા.૫

રાજકોટ માર્કેટ યાર્ડમાં નવા હોદ્દેદારો માટે યોજાયેલી ચૂંટણીમાં ચેરમેનપદે જયેશ બોઘરા રીપીટ થયા હતા. જ્યારે વાઇસ ચેરમેનપદે વિજય કોરાટ બિનહરિફ થયા હતા. આ પદ પર બદલાવ થયો હતો. યાર્ડમાં સુકાનીઓ બદલવાની અટકળોથી સર્જાયેલી ઉત્તેજનાનો અંત આવી ગયો છે. આ સાથે રાજકોટ જીલ્લાના સહકારી રાજકારણમાં જયેશ રાદડીયાનો દબદબો યથાવત હોવાનું સાબીત થયું છે. રાજકોટ માર્કેટ યાર્ડના નવા હોદ્દેદારોની ચૂંટણી માટે ચૂંટણી અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી. જેમાં જયેશ બોઘરા ચેરમેનપદે તથા વિજય કોરાટ વાઇસ ચેરમેનપદે ચૂંટાઇ આવ્યા હતા. ચૂંટણી પૂર્વે ભાજપ દ્વારા વિધિવત મેન્ડેટ મોકલવામાં આવ્યો હતો ને તે મુજબ ચૂંટણીમાં બન્ને હોદ્દેદારો બીનહરિફ સર્વાનુમતે ચૂંટાઇ આવ્યા હતા.ચૂંટણી પૂર્વે સંભવિત નવા હોદ્દેદારો વિશે જબરી ઉત્તેજના હતી. ખાસ કરીને ઇફકોની ચૂંટણીમાં જયેશ રાદડીયાએ ભાજપના મેન્ડેટની ઉપરવટ જઇને ઉમેદવારી કરી હોવાથી આ વખતની તેમના વર્ચસ્વવાળી સહકારી સંસ્થાની ચૂંટણીમાં તેમને ઝટકો આપવા નેતાગીરી અન્યને ચેરમેન બનાવશે તેવી અટકળો પ્રવર્તતી હતી. જો કે, નેતાગીરીએ કોઇ નવો વિવાદ સર્જવાને બદલે અન્ય સહકારી સંસ્થાઓની જેમ રાજકોટ યાર્ડમાં પણ પ્રમુખ રીપીટ કરવાનું વલણ અપનાવતા તમામ વર્ગોએ રાહત અનુભવી હતી. યાર્ડમાં મોટાભાગના ડાયરેક્ટરો જયેશ રાદડીયા જુથના જ હોવાથી કોઇ ફેર પડે તેમ નહતો. રાદડીયા વિરોધી સીનીયર ડાયરેક્ટર પરસોતમ સાવલીયાએ નિરીક્ષકો સમક્ષ ચેરમેનપદ માટે દાવો કર્યો હતો પરંતુ તેમનો ગજ વાગ્યો નહતો.



# સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિ રાજકોટ દ્વારા આવતીકાલે શોભાયાત્રાનું ભવ્ય આયોજન





## ● સંતો સહિત સમાજના અગ્રણીઓ જોડાશેઃ શોભાયાત્રાના રૂટ પર ઠેર ઠેર સ્વાગતઃ સરબત, છાશ, તથા પ્રસાદીનું વિતરણ સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરાશે

ભારત હેડલાઇન, તા.૫

ચુંવાળીયા કોળી સમાજ વિદ્યાર્થી બોર્ડીંગ પ્રેરીત સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સ્વ સમિતિ દ્વારા આગામી તા.૭ના રવિવારે બહુમાળી ભવન ચોકથી સવારે ૯ કલાકે સંતશ્રી વેલનાથબાપુની ૨૫મી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થશે.શોભાયાત્રામાં સાંસદ, ચંદુભાઈ શિહોરા, સાંસદ ગેનીબેન ઠાકોર, કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, ગુજરાત ચુંવાળીયા કોળી સમાજ પ્રમુખ ધર્મેશભાઈ જંજવાડીયા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પુર્વ સાંસદ દેવજીભાઈ ફતેપરા, પુર્વ ધારાસભ્ય પરસોત્તમભાઈ સાબરીયા, પુર્વ કેન્દ્રીય મંત્રી મહેન્દ્રભાઈ મુંજપરા, કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણીયા, ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, શામજીભાઈ ચૌહાણ, કોર્પોરેટર કંકુબેન ઉધરેજા, જીલ્લા પંચાયત સભ્ય નયનાબેન ભરતભાઈ બાળોન્દ્રા રાજકોટ તાલુકા પંચાયત ચેરમેન ભરતભાઈ ડાભી, નટુભાઈ કુંવરીયા, ભુપતભાઈ ડાભી, ભાનુબેન સોરાણી, દેવુબેન જાદવ, પ્રસિદ્ધ લોકગાયીકા લલીતાબેન ઘોડાદ્રા, શૈલેષભાઈ માલમ, દિવ્યેશભાઈ સોલંકી સહિત સમાજના સંતશ્રી રામદાસબાપુ, સંતશ્રી સુંદરનાથબાપુ, વાઘજી ભગત, મનુભાઈ ઘેણોજા, સહિત સમાજ સૌરાષ્ટ્ર ગુજરાતના અસંખ્ય આગેવાનો જોડાશે. મુખ્ય દાતા ઉદયભાઈ કાનગડ (ધારાસભ્ય રાજકોટ) તથા દિપકભાઈ બાબરીયા તથા ખીમજીભાઈ મકવાણા સહિત અનેક દાતાઓ શોભાયાત્રામાં જોડાશે. આ શોભાયાત્રાને સફળ બનાવવા ચુંવાળીયા કોળી વિદ્યાર્થી બોર્ડિંગ, જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ, જય વેલનાથ મહિલા મંડળ, જય વેલનાથ યુવક મંડળ, સમાજના સરપંચશ્રી તાલુકા જીલ્લા પંચાયતના સભ્યશ્રી તથા સમસ્ત કોળી સમાજના તમામ શહેર જીલ્લાના મંડળો જોડાશે. શોભાયાત્રાના રૂટ ઉપર ઠેર-ઠેર સ્વાગત, સરબત, છાશ તેમજ પ્રસાદીનું વિતરણ સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે.શોભાયાત્રાને સફળ બનાવવા ઉત્સવ સમિતિના પ્રમુખ દેવાંગભાઈ કુકાવા, મહામંત્રી દિપકભાઈ બાબરીયા, ઈન્ચાર્જ દેવભાઈ કોરડીયા, ખજાનચી દિપકભાઈ માણસુરીયા, નૈમીષભાઈ દાદુકીયા, વિજયભાઈ મેથાણીયા, હરેશભાઈ કુકાવા, ચેતન માણસુરીયા, સચીનભાઈ ચૌહાણ, અક્ષર ડાભી, સંદિપ બાબરીયા, મેહુલ કોલાદ્રા ઉપપ્રમુખો, સંગઠનના મંત્રી સહમંત્રી, સહ ખજાનચી કારોબારી સભ્યો સહિત તમામ આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટના રાજમાર્ગો જય જગન્નાથના નાદ સાથે ગુંજી ઉઠશે



ભારત હેડલાઇન, તા.૫

રવિવારે ૦૭ જુલાઈના રોજ અષાઢી બીજના દિવસે જગન્નાથ રથયાત્રા છે. શહેર માં ઈસ્કોન મંદિર દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ઇસ્કોન મંદિર રાજકોટ દ્વારા જગન્નાથ રથયાત્રા કાઢવામાં આવશે. આ વર્ષે રથયાત્રાને લઇને રાજકોટવાસીઓ માં અનેરો ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉજવણીની તૈયારીના ભાગ રૂપે મંદિરને આકર્ષક લાઈટથી શણગારવામાં આવેલ છે. ભગવાનના રથને ફૂલોની લારથી શણગારવામાં આવશે અને રાત્રે ભગવાનના રથ પર દર્શન સારી રીતે થઇ શકે એ હેતુથી રથને વિશેષ લાઈટ દ્વારા રોશનીયુક્ત કરવામાં આવશે. રથયાત્રા જયારે શહેરના રાજમાર્ગો પરથી પસાર થાય ત્યારે શહેરીજનોને પ્રસાદના ભાગ રૂપે બુંદીનું વિતરણ કરવા માટે ૫૦૦૦ કિલો બુંદી તૈયાર કરવામાં આવેલ છે જે બુંદીના આશરે ૮૦ હજાર પેકેટ ભક્તો તેમજ સ્વયંસેવકો દ્વારા તૈયાર કરવામાં આવશે અને આ ૮૦ હજાર બુંદીના પેકેટનું વિતરણ શહેરના રાજમાર્ગો પર રથ ના દર્શન કરતા દર્શનાર્થીઓમાં કરવામાં આવશે.

# ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર દ્વારા યોજાઈ રંગપુરણી અને ઓનલાઈન વાર્તા સ્પર્ધા



ભારત હેડલાઇન, તા.૫

ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર રાજકોટ દ્વારા સેન્ટરની બીજી વર્ષગાંઠ નિમિતે રંગપુરણી સ્પર્ધા તથા ઓનલાઈન વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં તનય અંતાણી, નક્ષ ડેલાવાલા, યશ વાગડીયા, વાણી આદ્રોજા, હફીઝાબાનું આફ્રીદી, દેવાંશી બુધ્ધદેવ તથા ઓનલાઈન વાર્તા સ્પર્ધામાં જનન્યા મેઘાણી, દેવ મીઠાણી, મૈત્રી નંદાણીયા ઋષભ મીઠાણી, હિરવ ખખ્ખર, ધ્યાની વડગામા અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવ્યા હતા. ચારેય કેટેગરીના વિજેતાઓને તા. ૩૦ રવિવારના રોજ અનુક્રમે રૂ.૪૦૦૦, રૂ.૨૦૦૦ અને રૂ.૧૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

# સુજોક થેરાપીની રાજ્ય કક્ષાની પરિષદ યોજાઈ



ભારત હેડલાઇન, તા.૫

સુજોક થેરાપીની માતૃસંસ્થા ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશન દ્વારા આ પધ્ધતિને લોકો સુધી પહોંચાડવા સતત પ્રયાસો થઈ રહ્યા છે. આવા જ એક પ્રયાસના ભાગરૂપે રાજકોટમાં આ થેરાપીની રાજ્ય કક્ષાની પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૭૦ જેટલા નિષ્ણાતોએ ભાગ લીધો હતો. સુજોક થેરાપીના રાજકોટમાં ૨૫ વર્ષ પૂરાં થતાં તેની પણ ઉજવણી કરવામાં આવી હતી.

આ પરિષદમાં ડો. ધારા દોશી (સાયકોલોજી ડિપાર્ટમેન્ટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) એ સાયકોલોજી વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

# સ્વામિનારાયણ ગુરુકુળના સંસ્થાપક શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની કાલે ૧૨૩મી જન્મજયંતી

ભારત હેડલાઇન, તા.૫

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટના સંસ્થાપક શાસ્ત્રીજી મહારાજશ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૧૨૩મી જન્મ જયંતી તા.૭મીના રવિવારના ઉજવાશે. અમરેલી જિલ્લાના તરવડા ગામે તા.૧૮ જૂન ૧૯૦૧, મંગળવાર, સંવત ૧૯૫૭ રથયાત્રાના પવિત્ર દિવસે લાખાણી પરિવારમાં રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલના સંસ્થાપક સદગુરુ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનો જન્મ થયો. અરજણ નામ રાખ્યું. ભણવામાં હોંશિયાર, તેજસ્વી ને ચપળ અરજણે સાત ધોરણ સુધીનું શિક્ષણ તરવડામાં જ લીધું. સ્વામિનારાયણ સંપ્રદાયને નવી દિશા આપવા જેમનો જન્મ થયો છે એવા અરજણે ૧૪ વર્ષની વયે વૈરાગ્યના વેગે ઘર છોડયું. જૂનાગઢનાં વચન સિદ્ધ મહાપુરૂષ શ્રી બાલમુકુંદદાસજી સ્વામી પાસે પાર્ષદ થયા. તેમના વિદ્વાન શિષ્ય પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીએ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીપીઠાધિપતિ ૧૦૦૮ આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ પાસે દીક્ષા અપાવી. અરજણમાંથી 'ધર્મજીવનદાસ' નામ ધરાવ્યું. સને ૧૯૪૮ ઉગતી આઝાદી સાથે સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ ખાતે કવિ ત્રિભુવનભાઈ વ્યાસને ગુરુકુલ અંગે વાત કરી. તેઓએ 'ચાલો કરીએ ' એમ કહેતાં બાવા અને બ્રાહ્મણની જોડ થઈ. ઢેબરભાઈ પાસે ૮૦,૦૦૦ વાર જમીન માંગી. ૫ રૂપિયે વારના છેવટે ૦:૨૫ પૈસે વાર લેખે ૨૭,૭૦૦ વાર જમીન મળી. મુંબઈના ખોજા પરિવારનું દાન મળ્યું. શાસ્ત્રીજી મહારાજ શ્રીધર્મજીવનદાસજી સ્વામીના ૧૨૩મા જન્મ દિવસે કોટિ કોટિ દંડવત પ્રણામ સહ વંદન.



# ચારણ ગઢવી સમાજ દ્વારા ચારણ જગદંબા આઈશ્રી નાગબાઈમાઁનો ભાવ વંદના કાર્યક્રમ યોજાશે

- મોગલધામ આજીડેમ ખાતેથી પરમ પુજય આઈશ્રી લક્ષ્મીઆઈ પધારશે



ભારત હેડલાઇન, તા.૫

જામનગર રોડ પર આવેલ માધાપર ગામ ખાતે આશરે સાડા પાંચસો વર્ષ પૌરાણીક આઈશ્રી નાગબાઈ માનો વિસામો તથા ડોડીયા રાજપુતોના સુરાપુરા ગાંડુભા દાદાના સાનિધ્યમાં ચારણ ગઢવી સમાજ ધ્વારા અષાઢી બીજ નિમીતે ચારણ જગદંબા આઈશ્રી નાગબાઈ માને ભાવ વંદનાનો કાર્યક્રમ તા. ૭ને રવીવારના રોજ રાખવામાં આવેલ છે. આ ભાવ વંદના કાર્યક્રમમાં સંતવાણીના આરાધક શક્તિદાનભાઈ ગઢવી તથા પ્રખર લોક સાહીત્યકાર ગોવીંદભા પાલીયા લોક ગાયક ભકિતદાન ગઢવી તથા લોક ગાયક બહેન ઈન્દુબેન ગઢવી ધ્વારા આઈમાના ભેળયા ચરજ રજુ કરશે તથા મોગલધામ આજીડેમ ખાતેથી પરતપુજય આઈશ્રી લક્ષ્મીઆઈ પધારશે આ કાર્યક્રમ ૭-૭-૨૦૨૪ ના રવીવારે રાત્રે ૯ કલાકે રાખેલ છે.

આ શોભાયાત્રા સવારે ૯ વાગ્યાથી કિશાનપરા ચોક થી પ્રસ્થાન થઈ રાજકોટ શહેરમાં માના ભાવિક ભકતજનો પદયાત્રા ધ્વારા રાજકોટ શહેરમાં ફરીને બપોરના વિરામ બાદ ત્રણ વાગ્યે રેસકોર્ષ મેદાનથી શરૂ થઈને રૈયારોડ થી ૧૫૦ ફુટ રોડ પરથી માધાપર ચોકડીથી માધાપર ગામ પહોંચશે. આઈશ્રી નાગબાઈ માના સ્થાન કે સાંજે ૬ વાગ્યે પહોંચશે.

રસ્તામાં શોભાયાત્રાનું સ્વાગત રૈયારોડ પર ન્યુ એરા સ્કુલ પાસે કારડીયા રાજપુત સમાજના પ્રવિણસિંહ ચાવડા, દિલીપસિહં ચાવડા તથા ભાવીક ભકતજનો ધ્વારા ફુલહાર થી આઈમાનું સ્વાગત કરવામાં આવશે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# લોક વિજ્ઞાન કેન્દ્ર અને નર્મદા બાલઘર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 3D પ્રિન્ટરની તાલીમ સંપન્ન



ભારત હેડલાઇન, તા.૫

ઓ.વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રેસકોર્ષ, રાજકોટ અને નર્મદા બાલઘર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે શરુ કરવામાં આવેલ સ્કુલ સાયન્સ સેન્ટર ખાતે ગત તા.૨૪ અને ૨૫ દરમિયાન 3D પ્રિન્ટરની તાલીમ આપવામાં આવેલ હતી. જેમાં ૮ શિક્ષકોએ તાલીમમાં ભાગ લીધેલ હતો. જેમાં તેઓને ૩ ડી પ્રિન્ટરનો ઉપયોગ કેવી રીતે કરવો અને બીજી કઇ રીતે તેનો રોજીંદા જીવનમાં ઉપયોગ થાય તે અંગે તાલીમ આપવામાં આવી હતી. તદ ઉપરાંત બાળકોને પણ તેઓ શિખવાળી શકે તે બાબતની સંપુર્ણ વિગતવાર તાલીમ સંસ્થાના નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી હતી.

# શહેર ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજીનાં જન્મ દિવસ અંતર્ગત યોજાશે વકતવ્ય : મુકેશ દોશી

**રાજકોટના તમામ બુથમાં ભારતીય જનતા પક્ષના હોદેદારો વકતા તરીકે ઉપસ્થિત રહેશે : અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા**



ભારત હેડલાઇન, તા.૫

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે જનસંઘના સ્થાપક પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક રાષ્ટ્રને સમર્પિત એવા પ્રખર રાષ્ટ્રભક્ત ડો.શ્યામાપ્રસાદ મુખરજીનો આવતીકાલે તા.૦૬- જુલાઈના રોજ જન્મ દિવસ છે ત્યારે ડો.શ્યામાપ્રસાદ મુખરજીના જીવન-કથન, બલિદાન તથા વર્તમાનમાં તેમના બલિદાનની અસર, કલમ-૩૭૦ નાબુદી વિગેરે વિષય અંગેનો વકતવ્યનો કાર્યક્રમ રાજકોટના તમામ વોર્ડમાં આવતીકાલે તા.૦૬ જુલાઈના રોજ સાંજે દરેક વોર્ડમાં ભારતીય જનતા પાર્ટીના હોદેદારો દ્વારા વોર્ડમાં વકતવ્યનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ તેમના વોર્ડમાં તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# સિવિલ હોસ્પિટલના નવા અધિક્ષક ડો. મોનાલી માકડિયા દ્વારા ચાર્જ સંભાળવાની રાહ જોવા પાછળનું કારણ અકબંધ !?

- **સમિતિની બેઠકમાં ક્યારે ચાર્જ લેશે તે અંગે લેવાશે નિર્ણય !?**

ભારત હેડલાઇન, તા.૫

રાજકોટ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકના ચાર્જ માંથી ડો. આર.એસ. ત્રિવેદીને છુટા કરાયા બાદ તેમના સ્થાને ડો. મોનાલી



માકડિયાને તબીબી અધિક્ષકનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. બુધવારે આરોગ્ય વિભાગ માંથી ઓર્ડર થયા બાદ ડો. મોનાલી માકડિયાએ ચાર્જ ન સંભાળતા ઘણાં પ્રશ્નો ઉઠ્યા છે. ડો. મોનાલી માકડિયાએ જણાવ્યું હતું કે હજુ સુધી રાજકોટ સિવિલ સુપ્રિટેન્ડેન્ટનો ચાર્જ સંભાળ્યો નથી. તેઓ સમિતિ સાથે બેઠક કરશે. અને બાદ ચાર્જ સાંભળવાનો નિર્ણય લેશે. ત્યારે ડો. આર.એસ. ત્રિવેદીએ પણ હજુ સુધી ચાર્જ છોડ્યો નથી ત્યારે સિવિલ હોસ્પિટલમાં અનેક ચર્ચાએ જોર પકડયું છે. ગત ૩ જુલાઈએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ડો.આર.એસ. ત્રિવેદી પાસેથી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકનો ચાર્જ ઝુંટવી લીધો હતો. ત્યાર બાદ ડો. મોનાલી માકડિયાને ચાર્જ સોંપવામાં આવ્યો છે. પણ તેણીએ ચાર્જ સંભાળવામાં જે રાહ જોઈ છે તેની પાછળનું કારણ અકબંધ રહેવા પામ્યું છે.

# 'દીકરાનું ઘર' વૃદ્ધાશ્રમ દ્વારા ૧૩૦ થેલેસેમીયા પીડિત બાળકોને સાઇકલ વિતરણ કરાયું



- **શહેરના ૭૪ અને બહારગામના પ૬ બાળકોને બાન લેબ્સના ચેરમેન મૌલેશ ઉકાણી પરિવારના સહયોગથી સાઇકલ અર્પણ કરાઇ**

ભારત હેડલાઇન, તા.૫

"દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા થેલેસેમિયાનો ભોગ બનેલા શહેર અને જીલ્લાના ૧૩૦ થેલેસેમિક બાળકોને શહેરના ઉદ્યોગપતિ બાન લેબ્સના ચેરમેન, કડવા પટેલ સમાજના અગ્રણી, જાણીતા દાતા મૌલેશભાઈ ઉકાણીના સહયોગથી રૂપિયા પાંચ લાખના ખર્ચે સાઇકલ વિતરણ કાર્યક્રમ સૌરાષ્ટ્ર હાઈસ્કુલના વિજયભાઈ ધોળકીયા ઓડીટોરીયમમાં સમાજ જીવનના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો છે. થેલેસેમિયા રોગનો ભોગ બનેલા રાજકોટ શહેરના ૭૪ બાળકો અને બહારગામના ૫૬ બાળકો થઈને ૧૩૦ થેલેસેમિક બાળકોને સાયકલનું વિતરણ મૌલેશભાઈ ઉકાણી પરિવારના જયભાઈ ઉકાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, શહેરના ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહજી જાડેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર, ઉદ્યોગપતિ મનસુખભાઈ પાણ, પ્રમીતભાઈ પટેલ, ગોલ્ડન સુપર માર્કેટના મહેન્દ્રભાઈ સોજીત્રા, બ્રહ્મ સમાજના અગ્રણી અને ઉદ્યોગપતિ બંકીમભાઈ મહેતા, સંજયભાઈ દવે, જલારામ હોસ્પિટલના ટ્રસ્ટી શૈલેષભાઈ પાબારી, બિલ્ડર જોલીભાઈ હાલાણી, ધીરૂભાઈ રોકડ, સંસ્થાના ટ્રસ્ટીઓ શિવલાલભાઈ આદ્રોજા, પ્રતાપભાઈ પટેલ, વલ્લભભાઈ સતાણી, ડો.નીદતભાઈ બારોટ, શહેર ભાજપ અધ્યક્ષ મુકેશભાઈ દોશી સહિતના સમાજ જીવનના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનની સફળતા માટે સંથાના અનુપમ દોશી, સુનિલ વોરા, નલીન તન્ના, પંકજ રૂપારેલીયા, જયેન્દ્રભાઈ મહેતા, હસુભાઈ શાહ, પરિમલભાઈ જોષી, નૈષધભાઈ વોરા, વિપુલભાઈ ભટ્ટ, દક્ષીણભાઈ જોષી, કામેબ માજી, ગીતાબેન વોરા, મિહિર ગોંડલીયા, અલ્કાબેન પારેખ, મહેશભાઈ વ્યાસ, દિનેશભાઈ ગોવાણી, જીતુભાઈ ગાંધી, રમેશ શીશાંગીયા, મહેશભાઈ જીવરાજાની, જીજ્ઞેશ પુરોહિત, રાહુલભાઈ ગોહેલ, વિઠ્ઠલભાઈ સોજીત્રા, કીશોર ટાકોદરા, શૈલેષ દવે, શુભમ વરીયા, સહિતના સનિષ્ઠ કાર્યકર્તાઓ કાર્યરત રહ્યા હતા.

# પ્રોફે. કમલસિંહ ડોડીયાએ સૌરાષ્ટ્ર યુનિ.ના કાર્યકારી કુલપતિ તરીકે સંભાળ્યો ચાર્જ





## ● વિદ્યાર્થીઓ, શિક્ષકો, કોલેજ મેનેજમેન્ટ, કર્મયોગીઓ, સમાજ અને સરકાર વચ્ચે સંતુલન રાખવાની પ્રાથમિકતા

ભારત હેડલાઇન, તા.૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે પ્રોફે. કમલસિંહ ડોડીયાએ આજે ચાર્જ સંભાળ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે ચાર્જ સંભાળતા પ્રોફે. કમલસિંહ ડોડીયાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે કાર્ય કરવાની પ્રાથમિકતા રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ઉચ્ચકક્ષાએ લઈ જવા માટે પ્રયત્ન રહેશે. કુલપતિએ વધુમાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે કાર્ય કરવાની પ્રાથમિકતા રહેશે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ સ્ટેક હોલ્ડર્સ જેવા કે વિદ્યાર્થીઓ, શિક્ષકો, કોલેજ મેનેજમેન્ટ, કર્મયોગીઓ, સમાજ અને રાજ્ય સરકાર વચ્ચે સંતુલન રાખવાની પ્રાથમિકતા રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકઝીક્યુટીવ કાઉન્સીલના સભ્યઓ, ભવનોના અધ્યક્ષઓ, વિવિધક્ષેત્રના પ્રબુધ્ધ નાગરીકો, સમાજ શ્રેષ્ઠીઓ તથા શૈક્ષણીક બિન શૈક્ષણીક કર્મચારીઓએ કુલપતિ પ્રોફે. કમલસિંહ ડોડીયાને શુભેચ્છાઓ પાઠવી હતી.

# અંધ મહિલા વિકાસગૃહની દીકરીઓના ચહેરા પર મેંગોપીપલ પરીવાર મુસ્કાન લાવ્યું





## ● દરેક દીકરીઓને મુસ્કાન મેજીક બોક્સ દ્વારા સેનેટરી પેડ તથા અન્ડર ગારમેન્ટનું કરાયું વિતરણ

ભારત હેડલાઇન, તા.૫

મેંગોપીપલ પરીવાર દ્વારા શરુ કરાયેલ પ્રોજેક્ટ મુસ્કાન દ્વારા તાજેતરમાં વી.ડી. પારેખ અંધ મહિલા વિકાસગૃહની દીકરીઓને ગંદા કપડાથી થતા નુકસાન અને સેનેટરી પેડના ફાયદા સમજાવતો શારીરીક સ્વચ્છતાનો સેમીનાર યોજાયેલ હતો. પ્રોજેક્ટ મુસ્કાનનાં ફાઉંડર રૂપલબેન રાઠોડે દીકરીઓને સરળ ભાષામાં સુંદર સમજણ આપેલ હતી. સેમીનારના અંતે દરેક દીકરીઓને મુસ્કાન મેજીક બોક્સ દ્વારા સેનેટરી પેડ તથા અન્ડર ગારમેન્ટનું વિતરણ કરવામાં આવેલ હતું. આ સુંદર સતકર્મને સાર્થક કરવા માટે પ્રોજેક્ટ હેડ મોનાબેન રાજવીર, કલ્યાણીબેન જોશી, પ્રોજેક્ટ મુસ્કાનનાં ફાઉંડર રૂપલબેન રાઠોડ તથા મેંગોપીપલ પરીવારના મનીષભાઈ રાઠોડે સુંદર જહેમત ઉઠાવેલી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મેંગોપીપલ પરીવાર દ્વારા શરૂ કરાયેલ પ્રોજેક્ટ મુસ્કાન દ્વારા છેલ્લા ૬ વર્ષથી રાજકોટ, જામનગર તથા વાંકાનેરની હજારો જરૂરીયાતમંદ બહેનો દીકરીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ તથા નિઃશુલ્ક અન્ડર ગારમેન્ટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સાચી સમજણ સાથેના સેમિનાર પણ યોજવામાં આવી રહ્યા છે. મેંગોપીપલ પરીવારના પ્રોજેક્ટ મુસ્કાનમાં આપનો અમૂલ્ય સહયોગ આપવા માટે અને વધુ માહિતી માટે મનીષભાઈ રાઠોડ (મો. ૯૨૭૬૦ ૦૭૭૮૬) નંબર પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# સમસ્ત મહાજન તથા એનીમલ હેલ્પલાઇનનાં સંયુકત ઉપક્રમે યોજાશે પશુ પક્ષીઓ માટે નિઃશુલ્ક, મેગા, સર્વરોગ નિદાન - સારવાર કેમ્પ

## શ્વાનોને કરાશે વિનામૂલ્યે રસીકરણ : સૌરાષ્ટ્ર-કચ્છના જીવદયા પ્રેમીઓને લાભ લેવા અનુરોધ

ભારત હેડલાઇન, તા.૫

વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' નાં મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય ગિરીશભાઈ શાહ તથા ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા 'શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, રાજકોટ' દ્વારા 'વર્લ્ડ ઝુનોસીસ ડે' નિમિત્તે યોજાનાર અનેક કાર્યક્રમોની શૃંખલામાં સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છનાં પશુ પક્ષીઓ માટેના મેગા, નિઃશુલ્ક, સર્વરોગ નિદાન તેમજ સારવાર કેમ્પ, ચર્મ ચિકિત્સા દંત ચિકિત્સા તેમજ આંખના રોગોના સારવાર કેમ્પ અને શ્વાનોને વિનામુલ્યે હડકવાનું રસીકરણ, કૃમિનાશક તેમજ અન્ય સારવારના કેમ્પનું આયોજન તા. ૭, જુલાઇ, રવીવારનાં રોજ સવારે ૯:૦૦ થી બપોરના ૧-૦૦ કલાક સુધી અર્હમ વેટરનરી કલીનીક પાસે, કેન્સર હોસ્પિટલની સામે, હનુમાન મઢી પાસે, તીરૂપતીનગર-૧ રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. એનીમલ હેલ્પલાઇનનાં ડો. નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવી માલવીયા, નિષ્ણાત તબીબો ડો. અરવિંદ ગડારા, ડો. અરૂણ ઘીયાડ, ડો. હિરેન વિસાણી તેમજ પંચનાથ એનીમલ હોસ્પીટલનાં ડો. વિવેક કલોલા સહીતની ડોકટર્સની ટીમ પોતાની સેવા આપશે. આ કેમ્પમાં સૌરાષ્ટ્ર પ્રાણી કલ્યાણ મંડળ ટ્રસ્ટ (એસ.પી.સી.એ.), જીલ્લા વહીવટી તંત્ર, જિલ્લા પંચાયત પશુપાલન શાખાનાં વરિષ્ઠ ડોકટર્સ ડો. ગોહીલ, ડો. કટારા, ડો. જાકાસણીયા ડો. કુંડારીયા તથા રાજકોટ મહાનગરપાલીકાના ડો. હિરપરા, ડો. ભાવેશ જાકાસણીયા, ડો. ઉપેન્દ્ર પટેલ સહિતના નિષ્ણાંત તબીબો સેવા આપશે. આ કેમ્પમાં પશુ પક્ષીઓથી મનુષ્યોને તથા મનુષ્યોથી પશુ પક્ષીઓને ફેલાતા રોગોના નિરાકરણ અંગે જનજાગૃતી તેમજ મેડીકલ માર્ગદર્શન આપવામાં આવશે. કેમ્પને સફળ બનાવવા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય ગીરીશભાઈનાં માર્ગદર્શનમાં કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઇનનાં મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, ધીરૂભાઈ કાનાબાર, રમેશભાઈ ઠક્કર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસ ભરતભાઈ મહેતા, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ તથા સમસ્ત મહાજનનાં કુમારપાળ શાહ સહીતનાની ટીમ જહેમત ઉઠાવી રહી છે. કેમ્પ અંગેની વિશેષ વિગતો માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩) ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.